# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદ-ગાંધીનગર મેટ્રોના બીજા તબક્કાનો પ્રારંભ કરાવશે
- પ્રધાનમંત્રી ગાંધીનગરમાં ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ સમીટનું ઉદ્દઘાટન કરશે અને ભુજ-અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ વંદે મેટ્રો ટ્રેનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવશે
- ઈદ અને ગણેશ વિસર્જનના પગલે સુરત અને વડોદરા સહિત રાજ્યભરમાં ચાંપતો સુરક્ષા બંદોબસ્ત
- સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં મુસ્લિમ સમુદાયના લોકો મિલાદ-ઉન-નબિની ઉજવણી કરી રહ્યા છે
- અને રાજ્યના કેટલાંક જિલ્લાઓમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM Modi in Ahmedabad

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલથી ત્રણ દિવસની ગુજરાત મુલાકાતે છે. મોડી સાંજે અમદાવાદ વિમાનમથકે તેમનું આગમન થયું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિમાનમથકે તેમનું સ્વાગત કર્યું હતું.

તેઓ આજે સવારે પોણા દસ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યઘર મુફ્ત બીજલી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે સાડા દસ વાગ્યે મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો- રિ-ઇન્વેસ્ટનું ઉદઘાટન કરશે. આ સમિટમાં ભાજપ અને એનડીએ શાસિત કેટલાંક રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે.

શ્રી મોદી આજે બપોરે પોણા બે વાગે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલના બીજા તબક્કાનો આરંભ કરાવશે અને સેક્ટર એક મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીની સવારી કરશે.

બપોરે સાડા ત્રણ વાગ્યે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તેઓ ૮ હજાર કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરીને આવતીકાલે સવારે ઓડિશા જવા રવાના થશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# VANDE METRO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે ચાર વાગે અમદાવાદથી વર્ચ્યુઅલ માધ્યમથી ભુજ અમદાવાદ વંદે મેટ્રો ટ્રેનનો શુભારંભ કરશે. શ્રી મોદી સામખયાલી-ગાંધીધામ અને ગાંધીધામ-આદિપુર રેલવે લાઇનને ચાર માર્ગી વિસ્તરણનો શિલાન્યાસ પણ કરશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# HIGH ALERT IN SURAT

સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારાની સ્થિતિ બાદ આજે અને આવતીકાલે વિસર્જનને જોતા જિલ્લાના અનેક ભાગોમાં અલર્ટ જાહેર કરાયું છે. આજે ઇદે મિલાદ અને મંગળવારે ગણેશ વિસર્જનને જોતા, સુરત પોલીસ હાઇ અલર્ટ પર છે. જિલ્લામાં સીસીટીવી, ડ્રોન કેમેરા સાથે ચંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ, પોલીસ, સૈન્ય દળો, હોમગાર્ડ, ટીઆરબી, રેપિડ એક્શન ફોર્સ મળીને અંદાજે 15 હજારથી વધુ જવાનો વિસર્જન દરમિયાન તૈનાત કરાયા છે.

આ પૂર્વે રવિવારે ભાગલ વિસ્તારમાં ઇદ અને ગણપતિ વિસર્જનને પગલે પોલીસે ફ્લેગ માર્ચ કર્યું હતું. આજે શહેરના 144 સ્થળોએ ઇદ જુલુસ નિકળવાના છે. આવતીકાલે 80 હાજરથી વધુ પ્રતિમાઓનું વિસર્જન કરાશે. જેને જોતા સુરત પોલીસે સોશિયલ મીડિયા પર અફવાઓના નિરીક્ષણથી માંડીને મુખ્ય માર્ગો પર સુરક્ષા વ્યવસ્થાની ખાસ તકેદારી લીધી છે.

---------------------------------------------------------------------

- હિન્દુસ્તાન સમાચાર- સુનિતા

-(NAVIN)

# Vadodara CP

આવતીકાલે ગણેશ વિસર્જન શાંતિપૂર્ણ રીતે થાય તે માટે વડોદરા પોલિસે પૂરતો સલામતી બંદોબસ્ત કર્યો છે. વડોદરા મહાનગર પાલિકાએ આઠ કૃત્રિમ તળાવમાં ગણેશજીની પ્રતિમાઓનું વિસર્જન કરવાનું આયોજન કર્યું છે. આજે ઈદ એ મિલાદની ઉજવણી થશે, જ્યારે આવતી કાલે શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન થવાનું છે. આ બંને તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે 3 હજાર 500 થી વધુનો પોલીસ સ્ટાફ બંદોબસ્તમાં તૈનાત રહેશે. આ ઉપરાંત ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન અને કૃત્રિમ તળાવ પર વડોદરા શહેર પોલીસની સાથે સાથે રાષ્ટ્રીય અનામત દળ અને રાજ્ય અનામત દળ ના જવાનો પણ બંદોબસ્તમાં ઉપસ્થિત રહેશે. શહેરનાં સંવેદનશીલ વિસ્તારોમાં વિસર્જન પૂર્વે પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે. કોઈ પણ પ્રકારની અપ્રિય ઘટના ન થાય તે માટે ડ્રોન અને સીસીટીવી કેમેરા તેમજ બોડી વોર્ન કેમેરા દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ગઇકાલે પત્રકાર પરિષદમાં વધુમાં આ મુજબ જણાવ્યું....

## (BYTE c p nARSIMHA KOMAR)

દરમિયાન, ગઇ કાલે સાંસદ મુકેશભાઇ દલાલે  ગણેશ મહોત્સવ સમિતિઓના આગેવાનો સાથે મળીને વિસર્જનના રૂટની મુલાકાત લીધી હતી. તેમણે ગણેશ ભક્તો પાસેથી મૂર્તિ વિસર્જન દરમિયાન  નડતી સમસ્યા વિશે જાણકારી મેળવી સમસ્યાનું નિરાકરણની ખાતરી આપી હતી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે મળીને આયોજકોની સમસ્યાઓને ઉકેલી હતી. તેમણે આયોજકોને શાંતિ અને સંયમ જાળવવા અને વહેલી સવારથી જ વિસર્જન શરૂ કરી દેવા માટે અપીલ કરી હતી.

---------------------------------------------------------------------

- માહિતી ખાતું, હિં,સ, અનિલ /હેમાંગીની

-(NAVIN)

# HARSH SANGHAVI - POLICE ORDER

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના તમામ પોલીસ અધિકારીઓને દર સોમવાર અને મંગળવારે ફરજિયાત સામાન્ય નાગરિકો ની રજૂઆત સાંભળવા આદેશ આપ્યા છે. તેમજ આ બે દિવસો દરમિયાન અનિવાર્ય સંજોગો સિવાય કચેરીના વડા હોય તે પોલીસ અધિકારીઓએ કોઈ બેઠક કે અન્ય કાર્યક્રમોનું આયોજન નહિ કરવા માટે પણ સૂચના આપી છે.

રાજ્યના દૂર-દરાજના ગામો કે અંતરિયાળ વિસ્તારોમાંથી સામાન્ય નાગરિકોને હવે પોતાની રજૂઆતો માટે ગાંધીનગર સુધી આવવું ન પડે અને સ્થાનિક સ્તરેથી જ સમસ્યાનું નિરાકરણ આવી જાય તે ઉદ્દેશથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત અધિકારીઓ બેઠકો કે અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત ન હોય તો સામાન્ય નાગરિકોને સમગ્ર દિવસ દરમિયાન કચેરીમાં મળી શકે તેવા જનહિત અભિગમ દાખવવામાં આવશે.

---

- રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# EID

દેશના અનેક ભાગમાં આજે પૈગમ્બર મોહમ્મદના જન્મદિવસ નિમિત્તે મિલાદ–ઉન–નબીની ઉજવણી થઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મહાનુભાવોએ મિલાદ–ઉન–નબીના અવસરે દેશના મુસ્લિમ સમુદાયના લોકોને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં લોકોને પવિત્ર ધર્મગ્રંથ કુરાન શરીફના ઉપદેશોને પોતાના જીવનમાં ઉતારવા અને શાંતિપૂર્ણ સમાજનું નિર્માણ કરવાની અપીલ કરી છે.

---------------------------------------------------------------------

- પુલ પ્રવેશ / ડેસ્ક જયેશ વેગડા

-(NAVIN)

# GUJ WEATHER

હવામાન વિભાગે આજે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જે જિલ્લોમાં વરસાદની આગાહી છે તેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

આ તરફ સૌરાષ્ટ્ર -કચ્છમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં હળવા વરસાદની શક્યતા છે.

---------------------------------------------------------------------

- વેધર સાઇટ – સુનીતા

-(NAVIN)

# AMERLI RAIN

અમરેલી જિલ્લાના રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં ધોધમાર વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાતા ખેતીપાકમાં નુકસાનની ભીતિ સેવાઇ રહી છે.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે છેલ્લા બે દિવસ દરમ્યાન રાજુલા તાલુકાના ડુંગર, સાંજણાવાવ, રાભડા, ડુંગરપરડા સહિતના ગામડામાં ધોધમાર વરસાદ પડતા આસપાસના ખેડૂતોના ખેતરો પાણીથી જળબંબાકાર થયા છે. અત્યારે વધુ વરસાદ પડવાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે અને  કપાસ, મગફળી સહિતના પાકોમાં નુકસાનની ભીતિ ખેડૂતોમાં જોવા મળી રહી છે.

---------------------------------------------------------------------

- પીટીસી અમરેલી / જયેશ વેગડા

-(NAVIN)

# LAL DAND AMBAJI

ભાદરવી પુનમના મેળાના ચોથા દિવસે લાલ દંડા સંઘે મા અંબાની ધામ પહોંચી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી અનેક સંઘો આવે છે, પરંતુ આ સંઘોમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર અને ઐતિહાસિક મહત્વ ધરાવતો લાલ ડંડા સંઘ છે. અમદાવાદથી નીકળતો આ સંઘ દસ દિવસની કઠિન પદયાત્રા બાદ અંબાજી પહોંચે છે. છેલ્લા 190 વર્ષથી લાલ ડંડા સંઘની પદયાત્રા આજે પણ અવિરત ચાલુ છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે 51 બ્રાહ્મણો અને 450 જેટલા પદયાત્રીઓ સાથે નીકળતો આ લાલ દંડા સંઘ ભાદરવી પુનમના મેળામાં આવતા સંઘોમાં સૌથી મહત્વનો સંઘ ગણાય છે.

ઉલ્લેખનીય છે કે મેળાના ચોથા દિવસે 6.48 લાખ શ્રદ્ધાળુઓએ, જ્યારે છેલ્લા ચાર દિવસમાં અંદાજે 16.36 લાખ શ્રદ્ધાળુઓએ માતાના દર્શન કર્યા.

---------------------------------------------------------------------

- પીટીસી બનાસકાંઠા – સુનિતા

-(NAVIN)

# ITF DOUBLE TITLE

રાજ્યના વ્રજ ગોહિલે શ્રીલંકાના કોલંબોમાં યોજાયેલી ITF જુનિયર 60 વર્લ્ડ ટેનિસ ટુર ટર્નામેન્ટમાં ફિલિપાઇન્સના મિગુઈલ ઇગ્લુપાસ સાથે મળીને બ્રોન્ઝ ડબલ ટાઇટલ જીતી લીધું છે.

આલ્ટેવોલના તાલીમાર્થી વ્રજ અને મિગુઈલની સેકન્ડ સિડેડ જોડીએ ફાઇનલમાં અમેરિકાના વેંકટ રિષિ બાત્લાન્કી અને પોલેન્ડના ઝુલીયુઝ સ્ટાન્ઝીકને 3-6, 6-4, 10-4થી પરાજીત કરીને ટાઇટલ જીતી લીધું હતું. સિંગલ્સમાં વ્રજને ચોથો સીડ મળ્યો હતો અને બોઇઝ સિંગલ્સમાં તે ક્વાર્ટર ફાઇનલમાં રશિયાના રોમાન કુલ્પીન સામે 0-6, 6-0, 1-6થી હરી ગયા હતા.

---

- ડેસ્ક ૦ સુનિતા

-(NAVIN)

# MANSUKH MANDAVIYA IN RAJKOT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગઈકાલે રાજકોટ શહેર પહોંચ્યા હતા. જ્યાં પશ્ચિમના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, દમણ, અને દીવ તેમજ દાદર અને નગર હવેલી તેમજ લક્ષદીપની ત્રીજી પ્રાદેશિક બેઠકની અધ્યક્ષતા કરી હતી.

કાર્યક્રમમાં સંબોધતા તેમણે જણાવ્યું કે વર્તમાન બજેટ યુવાનોને રોજગારી આપનારું છે. આગામી પાંચ વર્ષમાં 2 લાખ કરોડનું રોકાણ કરીને 4 કરોડ રોજગાર નિર્માણ કરવામાં આવશે. જેમાં દેશના 1 કરોડ યુવાનોને દેશની 500 પ્રિમિયમ કંપનીઓમાં 1 વર્ષ માટે ઇન્ટર્નશીપ આપવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું કે યુવાનોમાં કૌશલ્ય નિર્માણની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે.

---------------------------------------------------------------------

- પીટીસી – રાજકોટ – સુનિતા

-(NAVIN)